ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૦.૨ ડીગ્રી
લઘુતમ : ૨૫.૧ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૩૨ ટકા

# પાટનગરમાં ગરમીનો પ્રકોપ વધ્યો : રસ્તા બન્યા સૂમસામ





ગાંધીનગર, તા. ૨૩ તાપમાનમાં જેમ જેમ વધારો થતો જાય છે તેમ તેમ શહેરના રસ્તા સૂમસામ બની રહ્યા છે. દિવસે દિવસે ગરમીમાં વધારો થઈ રહ્યો છે અને લૂ ના કારણે મૃત્યુ પામતા લોકોની સંખ્યા પણ સમાચારપત્રોમાં છપાવવા લાગી છે. ત્યારે લોકો આવી આકરી ગરમીમાં ઘરે રેહવાનું જ પસંદ કરતા હોય છે. પાટનગરમાં બપોરના તાપમાનમાં વધારો થતા ગરમીનો પારો ઊંચે આવ્યો છે. આવી આકરી ગરમીમાં મોટા ભાગે લોકો બહાર જવાનુ પસંદ કરતા નથી. પરંતુ જે લોકો ધંધાદારી છે અથવા નોકરીએ જનાર છે તેઓ કાર દ્વારા જે તે સ્થાને જઈ રહ્યા છે. અથવા સવારે ૧૦ વાગ્યા પહેલા નોકરી જવાનુ પસંદ કરે છે. બપોરના સૂમારે રસ્તાઓ સૂમસામ હોય છે ત્યારે તડબૂચ, ટેટી, શેરડીનો રસ વેચતા ફેરીયાઓ જ નજરે પડે છે. પરંતુ તે પણ ગ્રાહકોના અભાવે વૃક્ષના છાંયડામાં આરામની મુદ્રામાં દેખાય છે. આવા ઉંચા તાપમાનમાં કોઈ પ્રાણીઓ પણ રસ્તા પર નજરે પડતા નથી. જે લોકો કારની સુવિધા ધરાવતા નથી તે બપોરે બહાર નીકળવાનુ ટાળે જ છે. શાળાઓમાં પરીક્ષા પૂરી થતા જ વેકેશનનો લાભ લઈ રહેલા બાળકોથી બાગ-બગીચા ખીલી ઉઠે છે, પરંતુ ઉનાળાની ગરમી એટલી આકરી છે કે તે બાળકોને પણ બહાર આવતા રોકે છે. લોકો રસ્તા પર નીકળવાની જગ્યાએ ઘરે રહીને જ રસદાર ફળ તેમજ ઠંડા પીણાનો આનંદ લઈને ગરમીથી બચવાનો ઉપાય શોધે છે. આવી આકરી ગરમીએ શહેરના રસ્તાઓને અવર-જવર મુક્ત સૂમસામ બનાવ્યા છે.

## જન્મદિને વધામણી



ઋષિ નરેન્દ્રકુમાર પટેલ

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

-સંપાદક

# સરકારી પ્રાથમિક શાળા પાલજ ખાતે પૃથ્વી દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૩ સરકારી પ્રાથમિક શાળામાં ૨૨ એપ્રિલ ના રોજ પૃથ્વી દિવસની ઉજવણી કરવામાં આવી.જેમાં મોટી સંખ્યાની અંદર વિદ્યાર્થીઓએ ગ્રામજનોએ વાલી અને શિક્ષક ગણે ભાગ લીધો. પૃથ્વી દિવસની શુભકામનાઓ આપવામાં આવી હતી.

તેમજ પર્યાવરણ બચાવો, જળ એ જીવન, પૃથ્વી ઉપરના જીવોનું રક્ષણ, ગ્લોબલ વોર્મિંગ, પ્લાસ્ટિક ના ઉપયોગ ઉપર પ્રતિબંધ વગેરે પર્યાવરણ બચાવવાના મુદ્દા ઉપર વિસ્તૃત ચર્ચા નિબંધ લેખન અને ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી. ત્યારબાદ વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.





શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન શ્રી સ્વામિનારાયણ મંદિર, નારણપરનો ૬૬ મા પાટોત્સવની પરમ ઉલ્લાસભેર ઉજવણી કરાઈ હતી.

# આઈએઆર યુનિવર્સિટી ગાંધીનગર ખાતે રાજ્યકક્ષાની અંડર-૧૯ ક્રિકેટ ટૂર્નામેન્ટ ૨.૦ યોજાશે

ગાંધીનગર, તા. ૨૨ ગાંધીનગર સ્થિત ઈન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ્ડ રીસર્ચ ધ યુનિવર્સિટી ફોર ઈનોવેશન ખાતે રાજ્યકક્ષાની અંડર-૧૯ તથા મેન્સ ઓપન ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયજન કરવામાં આવ્યું છે. અંડર-૧૯ ક્રિકેટ ટૂર્નામેન્ટની શરૂઆત ૨૨મી મે ના રોજ તથા મેન્સ ઓપન ક્રિકેટની શરૂઆત ૨૯મી મે ના રોજ કરવામાં આવશે. સદર ક્રિકેટ ટૂર્નામેન્ટમાં ભાગ લેવા માટે રજીસ્ટ્રેશનની છેલ્લી તારીખ ૩૦ એપ્રિલ છે. વધુ માહિતી માટે યુનિવર્સિટીની વેબસાઈટ www.iar.ac.iti પર લોગીન કરવાનું રહેશે અથવા ઈવેન્ટ કોઓર્ડિનેટર અવિનાશ પટેલનો ૯૩૨૭૧૯૮૪૧૦ નંબર પર સંપર્ક કરવાનો રહેશે. વિજેતા ટીમ, સ્કૂલ તથા ખેલાડીઓને સર્ટિફિકેટ તથા વિવિધ ટ્રોફી તથા એવોર્ડથી નવાજવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે યુનિવર્સિટી દ્વારા ગયા વર્ષે પણ ક્રિકેટ ટૂર્નામેન્ટનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું જેનું ઉદ્ઘાટન શિક્ષણમંત્રી દ્વારા કરવામાં આવ્યુ હતું તથા સમાપન સમારંભમાં પૂર્વ ડી.જી.પી. ગુજરાત રાજ્ય ઉપસ્થિત રહ્યા હતા.

## હાર્મોનિયમ થકી ભજન ભાવને જીવંત કરવા મથતો માણસ

ગાંધીનગર, તા. ૨૩ ખરેખર તો ઊંડાણ પૂર્વક વિચાર કરતાં ગામડાનો માણસ માત્ર હાર્મોનિયમ નહીં પણ આધુનિક સમયમાં વિસરાતી જતી જૂની ગ્રામ્ય ભજનભાવ પરંપરાને રીપેર કરવા મથી રહ્યો હોવાનો ભાસ થાય છે.




# ગાંધીનગર જિલ્લા તથા શહેર સમસ્ત પ્રજાપતિ સમાજનો ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૩ અખિલ ગુજરાત પ્રજાપતિ સંઘ, વડોદરા સંલગ્ન ગાંધીનગર જિલ્લા તથા શહેર પ્રજાપતિ સંઘ સમિતિ દ્વારા સમાજમાં શિક્ષણને ઉતેજન આપવા સારું ઓગસ્ટ - ૨૦૨૨ માં સમાજના માર્ચ-૨૨ માં ઉતીર્ણ થયેલ બાળકોનો સન્માન સમારંભ તથા ઈનામ વિતરણ અને સ્નેહમિલન સમારંભ કાર્યક્રમ આજે




ગાંધીનગર મુકામે તારીખ ૨૨.૦૪.૨૩ના રોજ "બ્રહ્માણી હોલ" કડી સર્વ વિધ્યાલય ખાતે યોજાઈ ગયો દરેક જ્ઞાતિબંધુઓ અને સમાજ પ્રતિનિધિઓ ઉત્સાહ પૂર્વક કાર્યક્રમ ને સફલ બનવ્યો હતો.

# સમાજમાંથી ઘણું લીધું છે તો સમાજને કંઈક પરત પણ કરવું જોઈએ...!!

**ગાંધીનગરમાં ત્રણ ત્રણ ઘર હોવા છતાં એક નિવૃત સરકારી કર્મચારીએ આજના યુગમાં વૈદિક સંસ્કૃતિ અનુસાર વાનપ્રસ્થાશ્રમ સ્વિકારી પ્રાકૃતિ જીવન શૈલી અપનાવી છે : આર્ય સમાજ સાથે જોડાઈને બાળકો સહિત સમાજમાં વૈદિક સંસ્કૃતિ અને રાષ્ટ્ર ભક્તિના સંસ્કારોનું સિંચન કરવા સાથે વૈદિક સંસ્કારોની નિઃશુલ્ક સેવા આપે છે.**

ગાંધીનગર, તા.૨૩ આપણે જાણીએ છીએ કે વૈદિક સંસ્કૃતિમાં મનુષ્ય જીવનને ૨૫-૨૫ વર્ષના ચાર આશ્રમો બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સન્યાસ આશ્રમમાં વહેચવામાં આવ્યું છે. અત્યારે આ પ્રકારે જીવવું એક કલ્પના સમાન લાગે છે પરંતુ ગાંધીનગરમાં એક નિવૃત સરકારી કર્મચારી એવા છે જેઓએ ૫૦ વર્ષની આયુ થતાં જ ગાંધીનગરમાં ત્રણ ત્રણ ઘર હોવા છતાં વાનપ્રસ્થાશ્રમ અપનાવી લીધો છે અને ગ્રામ્ય વિસ્તારમાં આશ્રમ બનાવીને તેઓ પ્રાકૃતિક જીવન જીવવા પ્રયાસ કરે છે અને તે સાથે સમાજમાં વૈદિક સંસ્કારોના સિંચન માટે કાર્યરત છે. વાનપ્રસ્થી તરીકે મહેન્દ્ર મુનિ કહેવાતા મહેન્દ્ર ગાંધી કહે છે કે "હું જીવનના ત્રીજા આશ્રમ એટલે કે વાનપ્રસ્થાશ્રમમાં છું, હવે મારે બીજા માટે જીવવું છે, રાષ્ટ્ર માટે જીવવું છે, સંસ્કૃતિ અને સનાતનની રક્ષા માટે જીવવું છે." તેમના કાર્યો પાછળનો ઉદ્દેશ નૈસર્ગિક વાતાવરણમાં રહીને પરમાત્માના સહજ સ્મરણ સાથે વ્યક્તિ એક ઉત્તમ ચારિત્ર્યવાન મનુષ્ય બને, પોતાના વ્યવસાય, વર્ણ, પદનું યથોચિત પાલન કરે સાચો રાષ્ટ્રભક્ત અને ઈશ્વરપ્રેમી બનીને પરોપકાર, સેવા, દાનશીલતા વગેરે અપનાવી માનવ જન્મ સાર્થક કરે તેવો છે.

સુરતના ઠાકોરદાસ ગાંધી અને જશોદાબેનના પુત્ર મહેન્દ્ર ગાંધીના પિતા ગાંધીનગર ખાતે સામાન્ય વહીવટી વિભાગમાં નોકરી કરતાં હતા જેથી મહેન્દ્રભાઈનું બાળપણ ગાંધીનગરમાં વીત્યું, બી.કોમ સુધીનો અભ્યાસ કરીને તેમના લગ્ન થયા અને તે પછી તેમણે પણ સરકારી નોકરી મળી જેમાં ૩૩ વર્ષની નોકરીમાં રાજ્યના મુખ્ય સચિવના અંગત મદદનીશ તરીકે સેવાઓ આપી ૨૦૧૩માં નિવૃત થયા. ઘરમાં પહેલેથી સંસ્કારનું વાતાવરણ અને ધાર્મિક પુસ્તકો રહેતા જેમાં મહર્ષિ દયાનંદ સરસ્વતીના જીવન ચરિત્ર અંગે લખાયેલું પુસ્તક "શ્રીમદ દયાનંદ પ્રકાશ" વાંચીને પ્રભાવિત થયા. ઘરમાં ધાર્મિક વિદ્વાનોનું પણ આવાગમ રહેતું હતું જે પૈકી અમદાવાદથી આવતા એક વયોવૃદ્ધ આર્યસમાજી સાથે સત્સંગ કરતાં કરતાં સનાતન ધર્મ સંસ્કૃતિ પ્રત્યે લાગણીના સંસ્કારો જાગૃત થયા અને યુવાવસ્થામાં આવતા સુધીમાં તો આધ્યાત્મ તરફ ખેંચાણ વધતું ગયું. નિયમિત લાયબ્રેરીમાં જવું અને વાંચન કરવું તેમની મુખ્ય પ્રવૃતિ રહેતી હતી. ગાંધીનગરમાં સેકટર-૨૪ ખાતે આર્ય સમાજની સ્થાપના કરવા સરકારે ભૂમિ ફાળવી ત્યારથી તેઓ આર્યસમાજ સાથે જોડાઈ ગયા. અહીં તેઓ દર સપ્તાહે સાપ્તાહિક સત્સંગમાં જોડાતા, વિવિધ જ્ઞાન શિબિરો, યોગ શિબિરો વગેરેમાં ભાગ લેવો સહિતની પ્રવૃતિઓ કરતાં હતા. આયુર્વેદ અંગે જાણકારી મેળવવા સાથે અને નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ સાથે જોડાઈને નિસર્ગોપચારનું પણ તેમણે જ્ઞાન મેળવ્યું. આ સાથે તેઓ ગાયત્રી પરિવાર અને રાષ્ટ્રીય સ્વંસેવક સંઘ જેવી આધ્યાત્મિક અને રાષ્ટ્રવાદી સંસ્થાઓ સાથે પણ જોડાઈને રાષ્ટ્રપ્રેમ અને સનાતન સંસ્કૃતિ માટે કાર્યરત રહ્યા. પતંજલિ યોગ સમિતિ સહિત સંસ્થાઓ સાથે જોડાઈને યોગ તથા કરાટે જેવી માર્શલ આર્ટ શીખ્યા.







આર્યસમાજમાં રહીને તેમની પ્રવૃતિઓમાં ૧૬ સંસ્કારોનું પાલન કરવા અંગે જનજાગૃતિ પ્રસરાવવી, યજ્ઞ સંસ્કાર કરાવવા જવું, વૈદિક સંસ્કારો માટે સેવા આપવી, વિવાહ સંસ્કાર સિવાય ચૌલક્રિયા સહિતના સંસ્કારોની વિના મૂલ્યે વિધિ કરી આપવી જેવી સેવાઓ આપવા લાગ્યા. ૨૦૧૩માં સરકારી નોકરીમાથી નિવૃતિ સાથે જ તેમણે એક માસ સુધી દહેરાદૂનના જંગલોમાં તપોવન ખાતે રહીને ચાર વેદની શિબિર કરી હતી અને તેમાં આહુતિ આપી હતી. તેમણે મહર્ષિ દયાનંદ સરસ્વતી જ્યાં જ્યાં ગયા હતા તે સ્થળોની મુલાકાત લઈને ત્યાં પણ પોતાના વકતવ્યો આપ્યા છે, વારાણસીના પાણીની મહાવિદ્યાલયમાં શાસ્ત્રાર્થ કર્યો છે અને અનેક ગામડાઓમાં જઈને પ્રવચનો કર્યા છે.

મહેદ્ર ગાંધીએ વાનપ્રસ્થાશ્રમ અંતર્ગત ૨૦૧૯માં લેકાવાડા ખાતે પોતાનો આશ્રમ બનાવ્યો છે જ્યાં રહી તેઓ પ્રકૃતિક જીવન જીવવા પ્રયાસ કરે છે. કોરોના બાદ તેઓ છેલ્લા એક વર્ષથી અહીં વિવિધ પ્રવૃતિઓ કરે છે જેમાં રોઝડ આર્યવન ખાતેથી વિદ્વાનો બોલાવી વિવિધ શાળાઓમાં તેમના પ્રવચનનું આયોજન, માઈન્ડ પાવરના વર્કશોપ, યોગ-કરાટે શિબિર વગેરે ગોઠવે છે, લેકવાડાના રામજી મંદિર ખાતે દરરોજ ૨૦થી ૨૫ મિનિટ પ્રવચન કરીને નૈસર્ગિક આહાર, પ્રાકૃતિક દિનચર્યા, સત્વ ગુણમાં વધારો કરીને વૈદિક સાધના અને તાત્વિક ચિંતન કરવા અંગે માર્ગદર્શન આપે છે. કોરોના કાળથી તેમણે રવિવાર સિવાય સપ્તાહના ૬ દિવસ નિયમિતપણે ઓનલાઈન "વૈદિક પ્રજ્ઞા વ્યાખ્યાન માળા" શરૂ કરી હતી જે છેલ્લાં અઢી વર્ષથી નિયમિત પણે ચાલે છે અને જેમાં રાષ્ટ્રભાષા હિન્દીમાં પીરસાતા પ્રવચનો અને સત્સંગ માણવાં માત્ર ગાંધીનગર કે ગુજરાત જ નહીં પરંતુ દેશભરના રાજ્યોમાંથી શ્રોતાવર્ગ જોડાય છે અને તેને દરરોજ યુ-ટ્યુબ પર અપલોડ કરવામાં આવે છે જેથી જાહેર જનતા પણ તેનો લાભ લઈ શકે. લેકવાડા આશ્રમમાં તેઓ દર શનિવારે સાંજે "વૈદિક બાલ સંસ્કાર કેન્દ્ર" ચલાવે છે જેમાં લેકવાડાના જરૂરિયાતમંદ બાળકોમાં સનાતન સંસ્કૃતિનું જ્ઞાન આપીને સંસ્કારોનું સિંચન કરવા સાથે "શસ્ત્ર અને શાસ્ત્ર" બંને સાથે શીખવે છે. શસ્ત્રમાં તેઓ બાળકોને સેલ્ફ ડિફેન્સ એટલે કે સ્વરક્ષણ માટે કાયદાની મર્યાદામાં રહીને તેના શિક્ષકો બોલાવી લાઠીથી માંડીને તલવાર અને બંદૂક ચલાવતા પણ શીખવે છે. અત્યારે તેમના આ કેન્દ્રમાં ૫૦થી ૬૦ બાળકો આવે છે. તેમના માટે વેકેશનમાં આર્યવીર શિબિર, બાળવીર શિબિર જેવી શિબિરો યોજે છે અને આ તમામ સેવાઓ તેઓ પોતાની ગાંઠનું ગોપીચંદન ઘસીને નિઃશુલ્ક આપે છે.



**સંબંધ સજાવે જિંદગી**
સમીર રામી

આશ્રમમાં તેમણે ખુલ્લી જમીન વધુ રાખી છે, જેમાં તેઓ વિવિધ શાકભાજી સહિતની ઓર્ગેનિક ખેતી કરે છે અને મહદઅંશે આશ્રમની જમીન પર જે ઊગે તેના થકી જ પોતાની આહારની જરૂરિયાત સંતોષાય તેવો પ્રયાસ કરે છે. તેઓ નૈસર્ગિક અને પ્રાકૃતિક જીવન જીવવાનો પ્રયાસ કરે છે અને માને છે કે "આજના યુગમાં માનવી "દુનિયામાં સીઝરેયન વગર આવતો નથી અને વેન્ટિલેટર વગર જતો નથી જેનું મુખ્ય કારણ આહાર છે."

મહેન્દ્ર મુનિએ પોતાના જીવનમાં મેળવેલ જ્ઞાનના આધારે મહાભારત સુધીના કાળના આર્ષ ગ્રંથોના અર્ક સમાન તાત્વિક ચિંતનનો રસથાળ પીરસતા બે પુસ્તકો લખ્યા છે જેમાં એક "શ્રુતિ પાથેય" અને બીજું તેમના આધ્યાત્મિક ગુરુ પૂર્વશ્રમમાં અવધેશ પાંડે અને દીક્ષા બાદ સ્વામી પ્રજ્ઞાનન્દ સરસ્વતીજી બન્યા તેમની પાસેથી મેળવેલ જ્ઞાનને શાશ્વત રાખવાના હેતુથી ગુરુના સ્વર્ગારોહણ પછી શ્રધ્ધાંજલિ સ્વરૂપે હિન્દીમાં "પ્રજ્ઞા પાથેય" લખ્યું છે. વેદ, યોગ, સત્સંગ, સંસકારના પ્રચાર માટે વર્ષોથી કાર્યરત મહેન્દ્ર મુનિ "પરમાત્મા, રાષ્ટ્ર અને સમાજ માટે જીવવું, સ્વાર્થથી પરમાર્થ તરફ જવું, વૈદિક સભ્યતા અને સંસ્કૃતિને ઉજાગર કરવાનો પ્રયાસ કરવો" અને "આપણે સમાજમાંથી કઈંક લીધું છે તો કઈંક પરત કરવું જ જોઈએ" તેવા ભાવ સાથે આજે પણ કાર્યરત છે. તેમના પિતાજી અને તેઓ પોતે સરકારી કર્મચારી હતા, બે સંતાનો વગેરે બધા સરકારી કર્મચારી છે. આજે તેમના પિતા ઠાકોરદાસ ૯૫ વર્ષે પણ લાકડી કે કોઈના ટેકા વગર સ્વસ્થ છે. પુત્ર ડો.ભાવપ્રકાશ ગાંધી પાટનગરની સરકારી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ સાથે કાર્યરત હો ઉપરાંત સંસ્કૃત ભારતી સાથે જોડાયેલા છે અને તેઓ ખૂબ જાણીતા સન્માનિત લેખક છે. બીજા પુત્ર સ્તવન ગાંધી પણ શિક્ષક છે. મહેન્દ્ર મુનીના ધર્મપત્ની પન્નાબેન ગાંધી સાબરકાંઠાના તલોદ તાલુકાના રોઝડ ખાતે રહીને આર્યવન ફાર્મ ખાતે સેવા આપે છે, સાથે સાથે તેઓ ન્યાય દર્શન અને સાંખ્ય દર્શનનો અભ્યાસ પણ કરે છે. તેમણે પોતાના સંતાનોને પણ ગુરુકુલમાં ભણાવ્યા અને અત્યારે તેમની પૌત્રી પણ ઉત્તર પ્રદેશના ચોટીપુરા ખાતે આર્ય કન્યા મહાવિદ્યાલય ખાતે રહીને અભ્યાસ કરે છે. પિતા, પોતે, પુત્ર અને પૌત્રી એમ ચાર ચાર પેઢી એક સાથે વૈદિક સંસ્કારો સાથે જોડાયેલી છે.

પ્રતિભાવો આવકાર્યઃ
samirtalod@gmail.com